**<u>વાદીના સાહેદ જગદીશભાઈ લવજીભાઈ કણઝરીયાની આંક–૭૮ની સરતપાસ લગત પ્રતિવાદીઓ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, વાય.એન.મહેતા</u>**

(૧) એ વાત ખરી છે કે, આ કામના વાદીની જમીનની માલીકીના કોઈ જ ડોકયુમેન્ટ મેં જોયેલા નથી. એ વાત હું હાલે કહી શકુ નહી કે, આ કામના વાદી કુલ કેટલી જમીન ધરાવે છે અને કયા કયા ખાતા નંબરથી ધરાવે છે. આ કામના વાદીની જમીનનો સર્વે નંબર ૨૧ છે તે હકીકત હું જાણું છું. હું સર્વે નંબર ૨૧વાળી જમીનની ચર્તુદીશા કહી શકુ છું જેમાં દક્ષિણ બાજુએ વેગડવાવ ગામનો રોડ આવેલ છે, પુર્વમાં વાદીની જ જમીન આવેલી છે, પશ્ચિમ બાજુએ મેઘા તળશીની જમીન આવેલી છે અને ઉત્તર દીશામાં જયાબેન અથવા કરસનભાઈ ખીમાભાઈની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, આ કામના વાદી દલવાડી મનજીભાઈ પ્રભુભાઈ તથા હું એક જ જ્ઞાતિના છીએ અને એક જ ગામના છીએ. એ વાત ખરી છે કે, મેં જે સોગંદનામું આપેલ છે તેમાં વાદીની જમીનનો ખાતા નંબર તેમજ ચર્તુદીશા જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સર્વે નંબર જણાવેલ છે. વાદીની જમીનમાં હાલ કપાસનું વાવેતર છે પરંતુ અગાઉ શું શું વાવેતર કરવામાં આવેલ તે હું કહી શકુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્રણ સીઝન લે તો આગળ વાવેતર તો કરતા જ હોય તેમાં કપાસ અને મગફળી હોય અને શીયાળે જીરૂ હોય છે. એ વાત ખરી નથી કે, વાદીની જમીન બીનપિયત છે. હું વાદીની જમીને ગયેલ હોઉ ત્યારે મેં ત્યાં બોર, કુવો કે ડાર જોયેલ હોય તેવું બનેલ છે. એ વાત ખરી નથી કે, મેં જે સોગંદનામું રજુ કરેલ છે તે મારા વકીલે તૈયાર કરેલ અને મેં તૈયાર સોગંદનામામાં સહી કરેલી. એ વાત ખરી નથી કે, આ કામના વાદી અમારી જ્ઞાતિના હોય તેમજ અમારા ગામના હોય તેમના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, હું વાદીની જમીન અંગે માહીતગાર નથી. એ વાત ખરી નથી કે, હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ તેમજ મારા સોગંદનામામાં જણાવેલ

R.C.S. 44/2013
આંક–૭૮ નુ સાંધણ

તમામ હકીકત  વકીલશ્રીએ લખેલ છે અને તેમાં મેં માત્ર સહી કરેલી છે.

ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૮/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે                    મારી રૂબરૂ,
ખરી હોવાનું કબુલ કરે છે.

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ        પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧